બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર
માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક,
લેબોરેટરી સહાયક અને શાળા સહાયકની
ભરતીમાં રોસ્ટર લાગુ પાડવા બાબત.

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૨૦૦૧-ઉપ્રેમ-પક-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૬ - ૭ - ૨૦૦૧

વાંચો:- શિક્ષણ વિભાગના તા. ૨-૭-૯૯ નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૦૯૯-૭૪૧(૨)-ગ

---

ઠ રા વ : -

આ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા. ૨-૭-૯૯ ના ઠરાવથી રાજ્યમાં આવેલી બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષક, લેબોરેટરી કર્મચારી તથા પટાવાળાની નિમણૂંક જે શરતોના વર્તમાન નિયમોનુસાર કરવામાં આવે છે તે મુજબ અનુક્રમે શિક્ષણ સહાયક, લેબોરેટરી સહાયક અને શાળા સહાયકની નિમણૂંક શરતોના પ્રવર્તમાન નિયમો મુજબ, માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને રૂા. ૪૦૦૦/- ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂા. ૪૫૦૦/- શાળાની લેબોરેટરી કામગીરી કરનાર લેબોરેટરી સહાયકને રૂા. ૨૫૦૦/- અને શાળાની સેવા વિષયક કામગીરી કરનારને માસિક રૂા. ૧૫૦૦/- ફિક્સ વેતનથી નિમણૂંક આપવાની યોજના અમલમાં મૂકેલ છે.

શિક્ષણ સહાયક, લેબોરેટરી સહાયક અને શાળા સહાયકની જગ્યાઓને અલગ સંવર્ગ ગણીને તેના ઉપર કરવામાં આવતી નિમણૂંકોમાં, જે તે જિલ્લા માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષી પંચ અને શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે રાજ્ય સરકારે નક્કી કરેલ અનામતનું પ્રમાણ જે તે સંવર્ગની જગ્યાઓમાં જાળવવા અને રોસ્ટર લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે. આ હુકમોનો અમલ તારીખ ૨૭-૬-૯૯ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. કે. ભટ્ટ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

નકલ રવાના:-

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર ( પત્રથી)

..૨..